# મ્યાનમારની ઇમારતમાં થયેલા બ્લાસ્ટમાં 45થી વધુ લોકોનાં મોત

**ઇમારતમાં** ખાણકામ માટેના વિસ્ફોટકોનો સંગ્રહ કરાયો હતો

**વિસ્ફોટમાં** 70 લોકો ઘાયલ થયા, 100થી વધુ ઘરોને નુકસાન થયું



બેંગકોક, તા. 31 (એપી): ઉત્તર-પૂર્વીય મ્યાનમારમાં ખાણકામ માટે વિસ્ફોટકો સંગ્રહિત કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે તેવી એક ઈમારતમાં રવિવારે થયેલા વિસ્ફોટમાં 45થી વધુ લોકોનાં મોત થયાં છે. એમ બચાવ કાર્યકરો અને સ્વતંત્ર મીડિયા અહેવાલોએ જણાવ્યું છે. નામહકામ ટાઉનશીપના કૌંગટુપ ગામમાં બપોરના આસપાસ થયેલા આ વિસ્ફોટમાં અન્ય 70 લોકો ઘાયલ થયા હતા.

ચીન સરહદથી દક્ષિણમાં લગભગ 3 કિલોમીટર દૂર આવેલો આ વિસ્તાર 'તાઆંગ નેશનલ લિબરેશન આર્મી' (ટીએનએલએ)ના નિયંત્રણ હેઠળ છે, જે એક વંશીય સશસ્ત્ર જૂથ છે અને તે મ્યાનમારની કેન્દ્રીય સરકાર સામે છૂટાછવાયા યુદ્ધમાં સામેલ છે.

વિસ્ફોટના સ્થળે દોડી ગયેલા એક બચાવ કાર્યકરે જણાવ્યું હતું કે, રવિવાર સાંજ સુધીમાં છ બાળકો સહિત 46 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમને અગ્નિસંસ્કાર માટે લઈ જવામાં આવ્યા હતા.

સુરક્ષાના કારણોસર નામ ન છાપવાની શરતે વાત કરનાર બચાવકર્મીએ જણાવ્યું હતું કે, 74 ઘાયલ લોકોને ટાઉનશીપ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને બચાવ કામગીરી હજી પણ ચાલુ છે.

નામહકામના અન્ય એક બચાવકર્મીએ પણ નામ ન છાપવાની શરતે જણાવ્યું હતું કે, આશરે 40 લોકો માર્યા ગયા છે અને વિસ્ફોટના સ્થળની નજીકના 100થી વધુ ઘરોને નુકસાન થયું છે.

શાન સ્ટેટની ઓનલાઇન ન્યૂઝ એજન્સી 'શ્વે ફી મ્યાય' સહિત મ્યાનમારના મીડિયા આઉટલેટ્સે મૃત્યુઆંક 50થી 55 હોવાનું જણાવ્યું છે. તેઓએ વિસ્ફોટમાંથી નીકળતો ધુમાડો તેમ જ તેના કારણે ક્ષતિગ્રસ્ત થયેલી ઈમારતો અને કાટમાળ દર્શાવતા ફોટા અને વીડિયો પ્રકાશિત કર્યા છે.

## પેજ 3

## અભિનેતા અજિતના માતાના પાર્થિવ દેહના ચેન્નાઈમાં અંતિમ સંસ્કાર



ચેન્નાઈ, તા. ૩૧ (પીટીઆઈ) અભિનેતા અજિત કુમારના માતા મોહિની મણિના પાર્થિવ દેહના રવિવારે સવારે અહીં એક ખાનગી વિધિમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, જેમાં પરિવાર અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. 89 વર્ષીય મણિનું લાંબી માંદગી બાદ શનિવારે વહેલી સવારે પરિવારના નિવાસસ્થાને ઊંઘમાં જ શાંતિપૂર્ણ રીતે અવસાન થયું હતું. અજિત, જેઓ વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને કારણે દુબઈમાં હતા, તેઓ અંતિમ સંસ્કાર કરવા માટે તાત્કાલિક ચેન્નાઈ પરત ફર્યા હતા. પરિવારના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, નજીકના સહયોગીઓ અને સંબંધીઓ તેમના અંતિમ દર્શન કરી શકે તે માટે આજે સવારે પાર્થિવ દેહને થોડા સમય માટે અભિનેતાના ઈંજમબક્કમ સ્થિત નિવાસસ્થાને રાખવામાં આવ્યો હતો. ત્યાર બાદ અંતિમયાત્રા બેસંત નગર ઇલેક્ટ્રિક સ્મશાનગૃહ તરફ આગળ વધી હતી, જ્યાં અંતિમ વિધિ ગંભીર અને ખાનગી રીતે કરવામાં આવી હતી.

## કરાચીના માજી મેયર અને હાલ પત્રકારનો દાવો, 'ધુરંધર'માં જે બતાવાયું તે સત્ય છે



મુંબઇ, તા. 31 : આદિત્ય ધારની 'ધુરંધર' અને 'ધુરંધર 2'ને પ્રોપેગેન્ડા ફિલ્મ ગણાવવામાં આવી રહી છે ત્યારે હવે એક પાકિસ્તાની પત્રકારે દાવો કર્યો છે કે ધુરંધરમાં દર્શાવવામાં આવેલી બધી ઘટનાઓ સંપૂર્ણપણે સાચી છે અને તેમણે તે જાતે જોઈ છે. કરાચીમાં જન્મેલા પત્રકાર, માનવાધિકાર કાર્યકર્તા અને પાકિસ્તાનના કરાચીના ભૂતપૂર્વ મેયર આરિફ આજકિયાએ ટોક જર્નાલિઝમ નામના એક કાર્યક્રમ દરમિયાન આ દાવો કર્યો હતો. તેમણે સમજાવ્યું હતું કે "ધુરંધર" માં દર્શાવવામાં આવેલી ઘટનાઓ સમયે તેઓ લ્યારીમાં હતા અને ત્યાં જ મોટા થયા હતા. મારો જન્મ અને ઉછેર લ્યારીમાં થયો હતો, તેથી મને ખબર હતી કે ફિલ્મમાં દર્શાવવામાં આવેલી દરેક વસ્તુ સાચી છે.

# મેં સોરોસના 17 વર્ષિય એજન્ટો સાથે ચર્ચા કરી : રાહુલના કેન્દ્ર પર કટાક્ષ

**OSMમાં** છબરડાઓ થયા હોવાનો આક્ષેપ કરનાર વિદ્યાર્થીઓને પાકિસ્તાની અને સોરોસના એજન્ટો ગણાવાયા તે અંગે આકરા કટાક્ષો

**CBSE** OSM અંગે વિદ્યાર્થીઓ સાથે પોતાની ચર્ચાનો વીડિયો રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર મૂક્યો



નવી દિલ્હી, તા. 31 : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે CBSE OSM વિવાદ મુદ્દે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓના એક જૂથ સાથેની તેમની વાતચીતનો વિડિયો શેર કર્યો હતો અને તેમને બહાદુર યુવા ભારતીયો ગણાવ્યા હતા, જેમણે મોદી સરકારને સરળ સવાલો પૂછ્યા પરંતુ બદલામાં તેમને જવાબોને બદલે અપમાન મળ્યું.

વિદ્યાર્થીઓ ઉજ્જવળ ભવિષ્યના હકદાર હોવાનું ભારપૂર્વક જણાવતા ગાંધીએ કહ્યું, અમે સુનિશ્ચિત કરીશું કે તેમને તે મળે. પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર આ ક્લિપ પોસ્ટ કરતા ગાંધીએ તેને પોતાના સાથી ' દેશ વિરોધી સોરોસ એજન્ટ્સ' સાથેની એક આંખ ઉઘાડનારી વાતચીત ગણાવી હતી. ગાંધીએ કહ્યું હતું કે જ્યોર્જ સોરોસના માત્ર ૧૭ વર્ષના એજન્ટો સાથે મારી ચર્ચા થઈ. દેખીતી રીતે તેમણે આ વિદ્યાર્થીઓને ભારત વિરોધી યહુદી અબજપતિ જ્યોર્જ સોરોસના ડીપ સ્ટેટ નેટવર્ક સાથે સાંકળતા ભાજપના ટેકેદારોના આક્ષેપો સંદર્ભમાં કટાક્ષ કર્યો હતો. ગાંધીએ X પર વીડિયો સાથેની તેમની પોસ્ટમાં જણાવ્યું કે, વેદાંત અને તેના મિત્રો બહાદુર યુવા ભારતીયો છે જેમણે CBSE અને મોદી સરકારને સરળ સવાલો પૂછ્યા હતા -- પરંતુ જવાબોને બદલે અપમાન મળ્યું. વિડિયોમાં ગાંધી વેદાંત અને અન્ય વિદ્યાર્થીઓ સાથે તેમની મુશ્કેલીઓ વિશે અનૌપચારિક વાતચીત કરતા જોવા મળે છે. તેમણે એ વાત પર પણ મજાક કરી હતી કે કેવી રીતે કાયદેસરની ચિંતાઓ અને મુદ્દાઓ ઉઠાવ્યા પછી તેમને પાકિસ્તાની અને ડીપ સ્ટેટ એજન્ટ્સ તરીકે ગણાવવામાં આવ્યા હતા.

ધોરણ 12 ના વિદ્યાર્થી વેદાંતે તાજેતરમાં X પર એક પોસ્ટમાં આક્ષેપ કર્યો હતો કે પુનઃમૂલ્યાંકન પ્રક્રિયા હેઠળ CBSE દ્વારા અપલોડ કરવામાં આવેલી ફિઝિક્સની ઉત્તરવહી તેની નહોતી. આ પોસ્ટ વાયરલ થઈ હતી, જે બાદ અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ પણ સોશિયલ મીડિયા પર આવા જ દાવા કર્યા હતા.

## ગાઝિયાબાદમાં વિદ્યાર્થીની હત્યા કરનારો પોલીસ સાથેની અથડામણમાં ઠાર

ગાઝિયાબાદ (યુપી), તા. 31 (પીટીઆઈ) અહીં 17 વર્ષીય ધોરણ 11ના વિદ્યાર્થીની હત્યાના મુખ્ય આરોપીનું રવિવારે વહેલી સવારે પોલીસ સાથેની અથડામણમાં ઈજા થવાને કારણે મોત નીપજ્યું હતું, તેમ પોલીસે જણાવ્યું હતું. ખોડા વિસ્તારનો રહેવાસી અસદ, સૂર્યા ચૌહાણની છરી મારીને હત્યા કરવાના મામલે વોન્ટેડ હતો, જેનું સારવાર દરમિયાન શુક્રવારે મોત નીપજ્યું હતું. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (સિટી) ધવલ જયસ્વાલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ખોડા વિસ્તારમાં પોલીસ ટીમ સાથે સામસામે થયેલા ફાયરિંગ દરમિયાન અસદ ઘાયલ થયો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જ્યાં બાદમાં તેનું મોત નીપજ્યું હતું.ખોડાની નવનીત વિહાર કોલોનીનો રહેવાસી ચૌહાણ 28 મેના રોજ એક ઝઘડા દરમિયાન છરીના ઘા વાગવાથી ઘાયલ થયો હતો અને તેને શરૂઆતમાં સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, ત્યાર બાદ નોઈડાની એક ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત થયું હતું.



## મહિલા સાથે લગ્ન કરવા તેના દોઢ વર્ષના પુત્રને પ્રેમીએ પછાડીને મારી નાંખ્યો

**બાળકની** માતા અને તેનો પ્રેમી તેને પોતાના સંબંધ અને લગ્નમાં અવરોધ માનતું હતા

ફિરોઝાબાદ, તા. 31 : યુપી પોલીસે જણાવ્યું હતું કે અહીં એક નાનકડા બાળકની માતાના પ્રેમમાં પાગલ થયેલા પ્રેમીએ એ મહિલાના દોઢ વર્ષના પુત્રને જમીન પર પછાડીને મારી નાંખ્યો હતો. માતા અને તેનો પ્રેમી આ બાળકને તેમના સંબંધ અને લગ્નમાં અવરોધ માનતા હતા. આ ઘટનાનો એક ભયાનક સીસીટીવી વીડિયો સામે આવ્યો છે, જેમાં એક વ્યક્તિ બાળકને છોકરાના સંબંધીના ઘરની બહાર ખાલી ગલીમાંથી લઈ જતો દેખાય છે, અને પછી તેને ઘણી વખત જમીન પર પછાડ્યો હતો.

બાળકને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. અધિકારીઓએ જણાવ્યું હતું કે શુક્રવારે, મહિલા તેના માતાપિતાના ઘરેથી તેની કાકીના ઘરે મળવા આવી હતી. તેના પ્રેમીને ખબર પડતાં તે ઘરે પહોંચ્યો હતો. તે મહિલાના પુત્રને ટોફી ખરીદવાના બહાને પોતાની સાથે લઈ ગયો હતો અને પછી રસ્તામાં બાળકને વારંવાર જમીન પર પછાડીને મારી નાંખ્યો હતો.

# ઉત્તરપ્રદેશ સરકાર મદરેસા બોર્ડના ટોપર્સને સન્માનિત કરશે

**10** ટોપર્સમાંથી ટોચના 3 વિદ્યાર્થીઓને યુપી સરકાર દ્વારા ટેબ્લેટ અપાશે

લખનઉ, તા. ૩૧ (પીટીઆઈ) ૨૦૨૬ની મદ્રેસા બોર્ડની પરીક્ષાઓમાં સારું પ્રદર્શન કરનારા ટોચના મદરેસા વિદ્યાર્થીઓને લખનઉ આમંત્રિત કરવામાં આવશે અને સન્માનિત કરવામાં આવશે. એમ ઉત્તર પ્રદેશ સરકારે જણાવ્યું હતું.

મુન્શી/મૌલવી (માધ્યમિક) અને આલિમ (ઉચ્ચતર માધ્યમિક) પરીક્ષાઓના ટોચના ૧૦ વિદ્યાર્થીઓને લખનઉ આમંત્રિત કરી સન્માનિત કરવામાં આવશે. સત્તાવાર નિવેદનમાં જણાવ્યા અનુસાર, તેમાંથી દરેક કેટેગરીના ટોચના ત્રણ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવશે. જૂનના પ્રથમ સપ્તાહ દરમિયાન રાજ્યની રાજધાનીમાં એક વિશેષ સમારોહનું આયોજન કરવાનું નક્કી કરાયું છે. રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય મદ્રેસા શિક્ષણને આધુનિક, ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને અસરકારક બનાવવાનો છે જેથી લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓ મુખ્ય પ્રવાહ સાથે જોડાઈ શકે અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકે.

## કેનેડા, ભારતના અધિકારીઓએ વેપાર કરાર અંગે આશાવાદ વ્યક્ત કર્યો

ટોરોન્ટો, તા. ૩૧(પીટીઆઈ): કેનેડા અને ભારતના અધિકારીઓએ રેજીનામાં આયોજિત એક બિઝનેસ સમિટ દરમિયાન સૂચિત મુક્ત વ્યાપાર કરાર પર ચાલી રહેલી વાટાઘાટો અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે. મીડિયા અહેવાલો અનુસાર, ૨૦૨૩માં અટકી ગયેલી વ્યાપાર વાટાઘાટો બાદ બંને દેશો વચ્ચે ફરી એકવાર સક્રિયતા જોવા મળી રહી છે.

સસ્કેચેવાનના પ્રીમિયર સ્કોટ મોઈ, ભારતમાં કેનેડાના હાઈ કમિશનર ક્રિસ કૂટર અને કેનેડામાં ભારતના હાઈ કમિશનર દિનેશ પટનાયકે શુક્રવારે સસ્કેચેવાન પ્રાંતની રાજધાની રેજીનામાં 'વેસ્ટર્ન કેનેડા-ઈન્ડિયા લીડર્સ સમિટ'માં ભાગ લીધો હતો. જ્યાં તેમણે દ્વિપક્ષીય સંબંધો અને સૂચિત 'કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ' (CEPA) પર વાટાઘાટો અંગે ચર્ચા કરી હતી તેમજ પ્રતિનિધિમંડળો સાથે વાતચીત કરી હતી.



## દિલ્હીમાં બહુમાળી ઈમારત તૂટવાની ઘટનામાં છનાં મોત

**મહાનગર** પાલિકાના બે ઇજનેરો સસ્પેન્ડ, દિલ્હી સરકારનો મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ

નવી દિલ્હી, તા. ૩૧(પીટીઆઈ): દક્ષિણ દિલ્હીમાં સાકેત મેટ્રો સ્ટેશન નજીક એક વ્યાપારી બિલ્ડિંગ ધરાશાયી થવાની ઘટનામાં રવિવારે મૃત્યુઆંક વધીને છ થયો છે, જ્યારે અન્ય કેટલાક લોકોને કાટમાળમાંથી બચાવીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે ઘાયલ અને મૃત્યુ પામેલા લોકોમાંથી કેટલાક ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. સાકેતનો જે વિસ્તારમાં બિલ્ડિંગ ધરાશાયી થયું છે તે વિદેશી દેશોમાં મેડિકલ અને એન્જિનિયરિંગના અભ્યાસમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે કોચિંગનું હબ છે.


